1. મહિલા સશક્તિકરણના સંદર્ભમાં સ્વામી વિવેકાનંદે શું કહ્યું હતું?

➢ મહિલા સશક્તિકરણના સંદર્ભમાં સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, "વિશ્વના લ્યાણ માટે મહિલાઓની સ્થિતિ જ્યાં સુધી સુધરશે નહિ ત્યાં સુધી વિકાસની કોઈ તક મળી શકશે નહિ. કોઈ પણ પંખીન એક પાંખથી ઊડવું અશક્ય બની જતું હોય છે."

2. ગાંધીજીએ મહિલા સશક્તિકરણનું સામાજિક મહત્ત્વ કઈ રીતે સમજાવ્યું હતું?

➢ ગાંધીજીએ મહિલા સશક્તિકરણનું સામાજિક મહત્વ સમજાવતાં કહ્યું હતું કે, જો આપણે ભારતદેશનો વિકાસ કરવો હોય તો સૌથી પહેલાં ભારતીય નારીનો વિકાસ કરવો પડશે. કારણ કે મહિલા વડે કુટુંબ, કુટુંબ વડે સમાજ અને સમાજ વડે રાષ્ટ્ર બને છે. "મહિલા' એ સમાજનું પાયાનું એકમ છે."

3. 'સશક્તિકરણ' શબ્દનો ઉદ્ભવ ક્યારે થયો? (July 18)

➢ ઈવલિન હસ્ટના મત મુજબ 'સશક્તિકરણ' શબ્દનો ઉદ્ભવ ઈ. સ. 1970ના દાયકામાં લૅટિન અમેરિકામાં શિક્ષણ અંગેની ચર્ચામાં થયો હતો.

4. 'લિંગપ્રમાણ' એટલે શું?

➢ લિંગપ્રમાણ એટલે દર હજાર પુરુષોએ મહિલાઓની સંખ્યા.

5. સેવાનું પૂરું નામ જણાવો. (March 18, 19)

➢ સેવાનું પૂરું નામ 'સેલ્ફ એમ્પ્લોઇડ વિમેન ઍસોસિયેશન' છે.

6. ભારતમાં મહિલા સશક્તિકરણ માટેની નીતિ ક્યારે ઘડાઈ?

➢ ભારતમાં મહિલા સશક્તિકરણ માટેની રાષ્ટ્રીય નીતિ ઈ. સ. 2001માં ઘડાઈ.

7. મહિલાલક્ષી કાયદાઓને મુખ્યત્વે કયા ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય?

➢ મહિલાલક્ષી કાયદાઓને મુખ્યત્વે આ ત્રણ વિભાગોમાં વર્ગીકૃત કરી શકાય : (1) મહિલાઓના બંધારણીય અધિકારો, (2) મહિલાઓને રક્ષણ પૂરું પાડતા કાયદાઓ અને (3) મહિલા કલ્યાણલક્ષી કાયદાઓ

8. ફેક્ટરી ઍક્ટ ક્યારે ઘડાયો?

➢ ફેક્ટરી એક્ટ ઈ. સ. 1948માં ઘડાયો.

9. ઈ. સ. 2011ની વસ્તીગણતરી પ્રમાણે ભારતમાં અને ગુજરાતમાં બાલિકાઓ(0થી 6નું વયજૂથ)નું પ્રમાણ કેટલું છે ?

➢ ઈ. સ. 2011ની વસ્તીગણતરી પ્રમાણે ભારતમાં બાલિકાઓ(0થી 6નું વયજૂથ)નું પ્રમાણ 914 અને ગુજરાતમાં આ પ્રમાણ 890 છે.

10. મહિલા સશક્તિકરણ માટે ગુજરાતમાં કઈ નીતિ ઘડવામાં આવી છે?

- મહિલા સશક્તિકરણ માટે ગુજરાતમાં 'નારી ગૌરવ નીતિ' ઘડવામાં આવી છે.

11. ગાંધીજીએ કન્યાઓના શિક્ષણ માટે શું કહ્યું હતું?

- ગાંધીજીએ કન્યાઓના શિક્ષણ માટે કહ્યું હતું કે "જો. તમે છોકરાઓને શિક્ષણ આપો છો, તો તમે એક વ્યક્તિને શિક્ષણ આપો છો. પરંતુ જો તમે એક કન્યાને શિક્ષણ આપો છો, તો તમે એક આખા કુટુંબને શિક્ષણ આપો છો."

12. ભારતના બંધારણની મુખ્ય ત્રણ બાબતો જણાવો.

- ભારતના બંધારણની મુખ્ય ત્રણ બાબતો આ પ્રમાણે છે : (1) મહિલા અને પુરુષને સમાનતાનો અધિકાર, (2) મહિલાપુરુષ લિંગભેદ સામે પ્રતિબંધ તથા (3) રોજગારીની તકોમાં સમાનતાનો અધિકાર.